# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સાથે નોંધાયેલ માધ્યમિક શાળાઓના સંચાલકશ્રીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીઓને જણાવવામાં આવે છે કે, ધોરણ–10ના વર્ષ–2022ના ઓનલાઇન આવેદનપત્રો ભરવાની સૂચનાઓ તા. 20–11–2021ના પરિપત્રથી આપવામાં આવેલ હતી. માર્ચ–2022ની ધોરણ – 10ની પરીક્ષાથી ગણિત વિષયમાં સ્ટારનર્ડ અને બેઝિક ગણિત પસંદ કરવું અને ઓનલાઇનમાં એ વિષયના અલગ કોડ જેવા કે 12 અને 18 ના ફિલ્ડ મુકવામાં આવેલ હતા. વિદ્યાર્થીના ઓનલાઇન આવેદનપત્ર ભરતાં પહેલા બે ગણિતમાંથી વિદ્યાર્થી જે ગણિત રાખવા માંગતો હોય તો તેની પસંદગી પ્રમાણે ઓનલાઇન આવેદન પત્રમાં.દર્શાવવાનું જણાવવામાં આવેલ.

માર્ચ – ૨૦૨૨ ના ધોરણ – 10 ના ઓનલાઇન આવેદનપત્રો ના ડેટા ચકાસતાં વર્ષ – 2022 પહેલાના વિદ્યાર્થીઓએ ગણિત (12) વિષય લઇને ઉપસ્થિત રહ્યાં હોય અને ઉત્તિર્ણ થયા હોય તેવા ઉમેદવારોના ઓનલાઇન આવેદનપત્રમાં ગણિત (12) માં Examption દર્શાવવાનું હોય પરંતુ કેટલીક શાળાઓએ બેઝિક ગણિત (18) માં Examption દર્શાવેલ છે. અત્રેની માધ્યમિક શાખાના તા:–11/02/2022ના પત્રથી રિપિટર વિદ્યાર્થીઓના ગણિત વિષયમાં Examption દર્શાવવામાં કરેલ ભૂલ સબબ તમામ આધાર પુરાવાઓ લઇને તા. 18/02/2022 સુધી રૂબરૂ બોલાવવામાં આવેલ પરંતુ હાલમાં શાળા કક્ષાએ સત્રાંત પરીક્ષાઓ ચાલતી હોવાથી આવા વિદ્યાર્થીઓના કિસ્સામાં શાળાઓએ રિપિટર વિદ્યાથીઓના અગાઉના ગુણપત્રક ચકાસી શાળાના લેટરહેડ અને ઓનલાઇન આવેદન પત્રની પ્રિન્ટ પર ગણિત વિષયમાં જ્યાં સુધારવાનું છે ત્યાં લાલ શાહી વાળી પેનથી સુધારો કરી અત્રેની કચેરીના મેઇલ એડ્રેસ ssc10exam2022@gmail.com પર મોકલી આપવાના રહેશે.

વધુમાં કોઇ નિયમિત ઉમેદવારને બેઝિક ગણિત કે સ્ટાર્ડન્ડ ગણિત દર્શાવવામાં કે પસંદગી કરવામાં ભૂલ થયેલ હોય તો ઓનલાઇન આવેદનપત્રની નકલ ચકાસીને જો સુધારો કરવાપાત્ર હોય તો આવેદનપત્રની પ્રિન્ટ પર લાલ પેનથી સુધારો કરી લેટરહેડ સાથે આવેદનપત્રની નકલ સહી–સિક્કા કરીને અત્રેની કચેરીના મેઇલ એડ્રેસ ssc10exam2022@gmail.com પર દિન–02 માં મોકલી આપવાનું રહેશે.

બંને કામ અર્થે રૂબરૂ આવવાની જરૂર નથી.

સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા:-14/02/2022
સ્થળ:-ગાંધીનગર